# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ તથા  લાયન્સ ક્લબ, આણંદના સંયુક્ત ઉપક્રમે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ તથા  લાયન્સ ક્લબ, આણંદના સંયુક્ત ઉપક્રમે તારીખ ૧૬/૦૭/૨૦૨૧ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં લાયન્સ ક્લબ, આણંદના પ્રેસીડન્ટ શ્રી દિપકકુમાર શાહ, શ્રી દિલીપકુમાર એસ. શાહ, પૂર્વ પ્રેસીડન્ટ, લાયન્સ ક્લબ, આણંદ તેમજ શ્રી જી. એમ. ભાવસાર નિવૃત શિક્ષક, ડી.એન. હાઇસ્કૂલ, આણંદ, કેવિકેના વરિષ્ઠ વૈજ્ઞાનીક અને વડા, ડૉ. એ. સી. વૈદ્ય તેમજ અન્ય કર્મચારીઓની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ કરવામા આવેલ. સદર કાર્યક્રમમાં વિવિધ જાતના વૃક્ષો જેવાકે બોરસલી, લીમડો, સિંદુર, પારસ પીપળો, જાંબુ, નાળીયેરી, સરગવો, પેલ્ટોફોરમ, કાજલીયા, વાંસ, સેતુર, સાદડ, કરંજ અને કોઠી એમ કુલ ૧૦૦ જેટલા વૃક્ષો રોપવામાં આવેલ છે.










